પૂર્વછાયો- દાખું દાસ દંઢાવ્યના, ભક્ત અતિઘણા ભાવિક ।

દૃઢમતિ ધીરજ અતિ, જાણે સત્ય અસત્ય વિવેક ॥૧॥
તન મન ધન તુચ્છ કરી, હરિજન થયાં નરનાર ।
પ્રકટ પુરૂષોત્તમને, મળી ઉતર્યાં ભવપાર ॥૨॥
બાળ જોબન વૃધ્ધ વળી, સરવે થયાં સનાથ ।
પરા પાર પરબ્રહ્મ જે, તેહ નિરખ્યા નયણે નાથ ॥૩॥
એવા જન અનઘનાં, લેતાં નામ આવે આનંદ ।
શ્રવણ દઈ જે સાંભળે, તે વામે મહાદુઃખ દ્વંદ્વ ॥૪॥

ચોપાઇ- મોટા ભક્ત છે મોટેરે ગામ, કણબી ભક્ત ભૂધરદાસ નામ ।
પુરૂષોત્તમ રઘો નાથજી, હાંસજી વેણીદાસ રામજી ॥૫॥
લખો લખુ ભગો પ્રભુદાસ, બાઈ કંકુયે ત્યાગી જગઆશ ।
બાઈ હરિ ને રળિયાત બાઈ, રતનબાઈ છે મોટેરામાંઇ ॥૬॥
જેઠો ભક્ત જન ગંગાબાઈ, કણબી ભક્ત કોટેશ્વરમાંઇ ।
અડાલજ માંહિ છે ચોધરી, તજી કુળ ધરમ ભજ્યા હરિ ॥૭॥
કણબી ભક્ત જેરામ ને લાલ, જેઠો અવિચળ પુર જમાલ ।
કણબી હરખજી પુંજો ભાટ, રહે ઉમારસદે તજી ઉચ્ચાટ ॥૮॥
દેવજાતિ તે ભક્ત છે આસો, કહીએ એહનો કલોલે વાસો ।
કણબી ભક્ત ગંગાદાસ કહીએ, નરોત્તમ વાસણજી લહીએ ॥૯॥
ભક્ત કાકુજીને કાશીદાસ, શિધરદાસનો ઓળામાં વાસ ।
રૂડાં ભક્ત છે બાઈ રતન, એહ રહે ઓળે હરિજન ॥૧૦॥
ભક્ત સુતાર જેઠો કેશવજી, કણબી કાશીદાસ ને રાયજી ।
દ્વિજ ભવાનીશંકરભાઇ, શા ઝવેર ધમાસણામાંઇ ॥૧૧॥
હરિભક્ત કોળી વાલો કહીએ, જન ગામ જલોદમાં લહીએ ।
ખાંટ ભક્ત બાદરજી જેહ, રતુજી અરજણજી તેહ ॥૧૨॥
હરિભક્ત છે હવનબાઇ, એહાદિ જન આદ્રેજમાંહિ ।
જીવી રતન ને પ્રભુદાસ, કણબી ભક્ત કોલવડે વાસ ॥૧૩॥
કણબી ભક્ત રામદાસ ભાઇ, કુબેર વસન નાની બાઇ ।
કણબી ભક્ત કહીએ મોટીબાઇ, ભક્ત ભાટ રઘો બાજીભાઇ ॥૧૪॥

દ્વિજ રૂપ રળિયાત નામ, ઠાર હરખો ઉનાવે ગામ ।
ક્ષત્રિ ભક્ત રાસોજી વખતો, ભજવા હરિ કર્યો દૃઢ મતો ॥૧૫॥
હરિજન ગલાલ સોનાર, દ્વિજ દોલી રાઈ ભાવસાર ।
એહ આદિ ભક્ત બીજા કઈ, ભજે પ્રભુ પેથાપર રઈ ॥૧૬॥
ઈચ્છો સકરો કસલો વળી, એહ આદિ જન જણસાળી ।
ભક્ત એક છે મીઠો કુંભાર, વસે વાસણ ગામ મોઝાર ॥૧૭॥
અમજે ભક્ત મુળો ચોધરી, ભજી હરિ ગયો ભવ તરી ।
પગી લાલો છેલો હરિજન, શોભાસણામાં ભક્ત પાવન ॥૧૮॥
કણબી ભક્ત કુબેર ખુશાલ, ચાંદિસણે એ ભક્ત વિશાલ ।
કણબી દેવજી રહે ગામ સોજે, ભજે પ્રભુજીને સુખ મોજે ॥૧૯॥
ઈટાદરે કણબી ગણેશ, કરે ભજન હરિનું હમેશ ।
ભક્ત સુતાર બેચર નામ, હરિજન કહીએ ગંગારામ ॥૨૦॥
દ્વિજ અંબારામ દુર્લભરામ, શેઠ ભક્ત સાંકળા બે નામ ।
પીતાંબર બેચર ઝુમખો, ભાઈચંદાદિ ભાવસાર લખો ॥૨૧॥
કણબી ભક્ત ગણેશ ને ભગો, તેલી મુળચંદે મેલ્યો દગો ।
ધનો દલોદાસ છે ચોધરી, મેલી પાપ ભજયા આપે હરિ ॥૨૨॥
ક્ષત્રિ હિંદુજી છે હરિજન, એહ આદિ પુરુષ પાવન ।
દ્વિજ કુશળ સોના ભાવસાર, એહ બાઈઓ માણસા મોઝાર ॥૨૩॥
ભક્ત વીરો જીવણ ચોધરી, રાઠોડ વણારશી ભજે હરિ ।
ક્ષત્રિ રવોજી વોરો મિયાંજી, વસે વરસોડે કુસંગ તજી ॥૨૪॥
હરિભક્ત કિકો ભાવસાર, રહે લાખરોડ ગામ મોઝાર ।
કણબી ભક્ત ગોવિંદજી નામે, જન વસે વિજાપર ગામે ॥૨૫॥
જન જણસાળી લખા ધના, રહે રાણાસર ભક્ત પ્રભુના ।
હરિજન પ્રાગજી લુવાર, ભક્ત રહે સિંધપર મોઝાર ॥૨૬॥
કણબી ભક્ત દયાળજી જન, જેણે બહુ જીવ કર્યા પાવન ।
સતવારા પ્રાગજી ને જીવો, રેવો સાંકળો ને ભક્ત દેવો ॥૨૭॥
હરિજન વજીબાઈ એક, જેઠી વખત વજી વણિક ।

નંદબાઈ રળિયાતબાઈ, એહાદિ જન વિજાપર માંઈ ॥૨૮॥
હરિભક્ત દ્વિજ પીતાંબર, કહું કણબી ભક્ત સુંદર ।
કુબેર તુલસી ને રામજી, જીવણ નરસૈ શંકર સામજી ॥૨૯॥
કલ્યાણ જન રતનબાઈ, ભક્ત એક કણબી કુળમાંઈ ।
હેમચંદ રામચંદ જન, ભાવસાર એ ભક્ત પાવન ॥૩૦॥
હરિજન છે જગો સુતાર, દ્વિજ માનું વિહાર મોઝાર ।
આશારામ મોતી ભાવસાર, શા અંબારામ ભક્ત ઉદાર ॥૩૧॥
ભક્ત તારાચંદ નંદરામ, ભાવસાર માનું સાંકળી નામ ।
કણબી ભક્ત હરિભાઈ કહીએ, ક્ષત્રિભક્ત જલોભાઈ લહીએ ॥૩૨॥
ભક્ત દ્વિજ હુલાસ છે એક, ભજી હરિ તજી નહિ ટેક ।
એહઆદિ હરિજન જેહ, વસે ગામ ગેરિતામાં તેહ ॥૩૩॥
હરિજન દેવો સતવારો, ગામ ગવાડે ભક્ત એ સારો ।
દ્વિજ ધનજી ને રામબાઈ, ભક્ત પ્રભુના પામોલ્ય માંઈ ॥૩૪॥
ભક્ત વણારશી રાયચંદ, ભજે ભાવસાર એ ગોવિંદ ।
હરિજન એક લખીરામ, એહ જન આગલોડ્ય ગામ ॥૩૫॥
દ્વિજ મનછારામ હરિજન, રહે કડા ગામમાં પાવન ।
ક્ષત્રિ નારુજી રતુજી નામ, ગાંગજી ને દ્વિજ શિવરામ ॥૩૬॥
અંબારામ સોની પ્રેમચંદ, એ બામણવે ભજે ગોવિંદ ।
કોળી ભક્ત જોયતો કુબોજી, રહે છાબલીયે હરિ ભજી ॥૩૭॥
ભક્ત ભાટ સાયબોજી જાણો, ગામ કૈપરમાં પરમાણો ।
વડનગરે વસે બહુ જન, ભક્ત પ્રભુના પરમ પાવન ॥૩૮॥
દ્વિજ ઉજમ મુગટરામ, સદાશિવ વનમાળી નામ ।
બેચરાદિ દ્વિજભક્ત ભાઈ, હરિજન જેઠી દોલીબાઈ ॥૩૯॥
ફુલા ઝુમખા આદિ અપાર, ભલા ભક્ત કહીએ ભાવસાર ।
ઉગરચંદ હેમચંદ દોય, વસે વડનગરે જન સોય ॥૪૦॥
સોનીભક્ત દયારામ ભાઈ, ખીમો ગોવિંદજી દલુભાઈ ।
એહઆદિ બીજા હરિજન, વસે શ્રીપોરે ભક્ત પાવન ॥૪૧॥

વડા ભક્ત છે વિશનગરે, શિશસાટાની ભક્તિ કરે ।
દ્વિજ સૂર્યરામ મોતિરામ, બળદેવ કૃષ્ણાધર નામ ॥૪૨॥
અમુલખ આદિ દ્વિજભાઈ, ઉદેકુંવર લક્ષ્મીબાઈ ।
શિવબાઈ ને ઉજળી એક, ભજ્યા હરિ તે કરી વિવેક ॥૪૩॥
શા જેચંદ પુંજો દયારામ, સોની પીતાંબર અંબારામ ।
હરિજન છે લાડકુંવરી, કણબી રામજી તુલસી હરિ ॥૪૪॥
સતસંગી શિલાટ સુંદર, જેઠારામ ને નામ બેચર ।
ત્રિભોવન ને અમરચંદ, હેમચંદાદિ ભજે ગોવિંદ ॥૪૫॥
ભક્ત વનમાળી ને ઉગરો, પાનાચંદ ને વારુ ઝવેરો ।
એહ આદિ ભક્ત ભાવસાર, વસે વિશનગર મોઝાર ॥૪૬॥
કણબી ભક્ત મીઠો ને નાગજી, ગામ જાગીરે રહે હરિ ભજી ।
જેઠો પ્રેમજી ને હંસરાજ, કણબી ભક્ત જાણો જશરાજ ॥૪૭॥
દેવબાઈ નંદબાઈ કહીએ, ગામ આઈઠોરમાં એ લહીએ ।
કણબી ભક્ત છે ખુશાલભાઈ, ભજે હરિ રહે ઉપેરામાંઈ ॥૪૮॥
ઉંઝે કણબી ભક્ત નારાયણ, શામો વાલો પ્રભુપરાયણ ।
મોરાર મુળજી કામરાજ, કર્યું ગણેશ ખુશાલે કાજ ॥૪૯॥
દ્વિજ નાથો જેકુંવરબાઈ, એહ આદિ ભક્ત ઉંઝામાંઈ ।
શિતપુરમાં બાઈ ચતુરી, ભાવસાર છે ભાવની પુરી ॥૫૦॥
ચોપદાર ભગવાનભાઈ, રહ્યો સુખે સિતપુરમાંઈ ।
ભક્ત ભાવસાર દયાળજી, પુરુષોત્તમને ભક્તિ રજી ॥૫૧॥
કણબી ભક્ત છે ઈચ્છો બેચર, ભજે હરિ છે પાટણે ઘર ।
ભક્ત ગોકળી હરખો સુંદર, ભજે હરિ રહે મુંજપર ॥૫૨॥
હરિભક્ત સોની ઈંદરજી, પાલણપુરે રહે કુસંગ તજી ।
કણબી ભક્ત ગોવિંદજીભાઈ, રહે તે ગઢ મંડાણામાંઈ ॥૫૩॥
કણબી ભક્ત કુબેર દવાડે, ભજ્યા હરિ ન પડ્યો પવાડે ।
દ્વિજ ભક્ત બેચર બળદેવ, રહે ધિણોજે ભજે વાસુદેવ ॥૫૪॥
નરસઈ ભક્ત ભાવસાર, મુળચંદ એ જન ઉદાર ।

દ્વિજ ભક્ત છે કશલીબાઈ, એહાદિ જન મેસાણામાંઇ ॥૫૫॥
કણબી ભક્ત દ્વારકો જીવણ, ભાટ ચતુરો રહે આંબાસણ ।
ખેંગારજી મોડજી ડુંગરજી, ભગવાન દયાળે બીક વરજી ॥૫૬॥
ખરા ક્ષત્રિભક્ત ભલભાઈ, વસે ગામ વિજાપરડામાંઇ ।
કણબી ભક્ત હિરો વેણીદાસ, રૂડા ભક્ત સિતાપુર વાસ ॥૫૭॥
ભાવસાર મેઘો કેશવજી, રહે કાલરીયે કુસંગ તજી ।
લવજી પ્રાગજી નાથોભાઈ, કહીએ કણબી ભક્ત નાથબાઈ ॥૫૮॥
એહ ભક્તિ પ્રભુજીની કરે, રહી ગામ તે ઉદલપરે ।
જીવણ નાઈ હરખો સતવારો, કણબી ભક્ત રાયચંદ સારો ॥૫૯॥
એહઆદિ ભક્ત બાઈ ભાઈ, વસે ગામ તે ખેરવામાંઇ ।
ભક્ત પ્રભુનો પુંજો પટેલ, તેહ ગામ હેબવે વસેલ ॥૬૦॥
ભક્ત દેવચંદ ભાવસાર, વસે ગામ ખરોડા મોઝાર ।
શા હરખજી માતમ ભાટ, ગામ દેવડે તજી ઉચ્ચાટ ॥૬૧॥
ભક્ત ભૂખણ મનછારામ, તુલસી ભગો ભાવસાર નામ ।
હરિજન એક જ્ઞાનબાઈ, એહાદિ જન રહે મેઉમાંઇ ॥૬૨॥
ભગો જેતસી જીવો ચારણ, એહ ભક્ત રહે દેવરાસણ ।
કણબી ભક્ત કહીએ નરહર, ભાવસાર પુંજો ને બેચર ॥૬૩॥
સાંકળા આદિ સતસંગી સઈ, વડા ભક્ત એ રહે વસઈ ।
રામજી ગણેશ ઝુમો નાગર, બાઈ સોના ભક્ત ઉજાગર ॥૬૪॥
ભક્ત માનસિંઘ કણબી કહીએ, એહાદિ જન લાંઘણોજ લહીએ ।
દ્વિજભક્ત છે ઝુમખરામ, હરિજન ગંગા ગલાલ નામ ॥૬૫॥
જીવો વસતો ને જ્ઞાનબાઈ, કણબી ભક્ત પલિયજમાંઇ ।
કોળી ભક્ત બાલ્યકદાસ કહીએ, ક્ષત્રિ કેશોજી ગોદડજી લહીએ ॥૬૬॥
મોકોજી ને કણબી ખુશાલ, ગોવિંદ નાયક મિયાં લાલ ।
એહ આદિ બીજાં બહુ જન, વસે ગામ ખોરજયે પાવન ॥૬૭॥
કણબી ભક્ત છે ભવાનીદાસ, તજી કસળજીયે જુઠી આશ ।
ગોવિંદજી જાદવજીભાઈ, બાઈયોમાં મિઠીબાઈ છે બાઈ ॥૬૮॥

દ્વિજભક્ત મોટા નાનોભાઈ, જેની કહી ન જાય મોટાઈ ।
ક્ષત્રિભક્ત છે વખતોભાઈ, એહ ભક્ત કરજીસણમાંઈ ॥૬૯॥
ક્ષત્રિ માનોજી ઉમોજી કહીએ, કણબી ગોકુળ તુલસી લહીએ ।
પુરુષોત્તમ રબારી રતનો, ભક્ત વડુવે જાણજયો જનો ॥૭૦॥
ભક્ત મનોહર છે બ્રાહ્મણ, કણબી કુબેર જેઠો હરિશરણ ।
રાયચંદ ક્ષત્રિ આસકરણ, એહાદિ ભક્ત રહે મોખાસણ ॥૭૧॥
ઝુલાસણ માંહિ રહે ચોધરી, કઠણ ભક્તિ પ્રભુજીની કરી ।
દ્વિજ ગુલાબચંદ સુખચંદ, વલ્લભરામ જીવરામવૃંદ ॥૭૨॥
હરિજન હરિકુંવરબાઈ, એહ જન નારદીપુર માંઈ ।
કણબી ભક્ત વેણીદાસ વળી, ભાવસંગ નરોત્તમ મળી ॥૭૩॥
જતન રળિયાત વજી જન, કર્યું કણબી કુળ પાવન ।
ક્ષત્રિ ભક્ત પ્રતાપજી નામ, ઉમેદજી અગ્રોજી અકામ ॥૭૪॥
થાનોજી બનોજી હરિજન, દલુજી અમરોજી પાવન ।
શેઠ સાકળચંદ મુળચંદ, હરિજીવન અવલનંદ ॥૭૫॥
એહ આદિ ભક્ત બાઈ ભાઈ, વસે ગામ ડાંગરવામાંઈ ।
હરિજન પુરુષોત્તમ હરખો, વાસણજી વિઠ્ઠલજી નીરખો ॥૭૬॥
હીરો જેકર્ણ ને દાનસંઘ, નાથા બેચર ને હરિરંગ ।
એહાદિ ભક્ત કણબી કહીએ, રૂડા જન રાજપર લહીએ ॥૭૭॥
કણબી ભક્ત નારાયણ વસતા, ગામ રાજપરે જન છતા ।
ભગો ગણેશ કણબી વર્ણ, રૂપો સુતાર રહે નંદાસણ ॥૭૮॥
કણબી ભક્ત મોરાર જોયતો, જન નારાયણ ને વસતો ।
હરિભક્ત છે ગલાલબાઈ, એહ ગામ માથાસુલમાંઈ ॥૭૯॥
ગંગારામ ગણેશ ગોપાળ, માનો વાલો દલના દયાળ ।
કણબી ભક્ત છે ભક્તિવાલી, ભજે હરિ ગામ રહે ટુંડાલી ॥૮૦॥
કણબી ભક્ત માધવજી નામે, ભજે હરિ રહે ઈરાણે ગામે ।
કણબી ભક્ત કલો પુંજોભાઈ, ભક્ત કેવળ ને રૂપાંબાઈ ॥૮૧॥
એહાદિ ભક્ત જન દયાળ, ભજે હરિ રહે ગામ કુંડાળ ।

સોનીભક્ત દયાળજી મંગળ, કણબી ભાવસંગ છે અમળ ॥૮૨॥
દ્વિજ ભક્ત છે ઉમેદરામ, બાઈ એક બેનકુંવર નામ ।
ભક્ત દેવચંદ ભાવસાર, રહે ભક્ત એ કડી મોઝાર ॥૮૩॥
કણબી ભક્ત દેવકર્ણ કહીએ, સારોજન સેદરડે લહીએ ।
દ્વિજ હરિભક્ત હરિરામ, રૂડો જન જાકસણે ગામ ॥૮૪॥
ભક્ત ભાવસાર ભુલોભાઈ, અવલબા રાજપરમાંઈ ।
કણબી ભક્ત છે ગલાલબાઈ, ભજે હરિ રહે ઉભડામાંઈ ॥૮૫॥
રામજી ઘેલો કસલબાઈ, કણબી ભક્ત મનિપરમાંઈ ।
કણબી કુબેર લક્ષ્મીદાસ, બાઈ નાથી ભજે અવિનાશ ॥૮૬॥
દ્વિજ ભક્ત છે શંકર નામ, ભક્ત પ્રભુનો રહે ઘુમે ગામ ।
હરિજન કણબી મોરાર, સારો ભક્ત ગોકળ લુવાર ॥૮૭॥
એહાદિ જન રહે ગોધાવિયે, કહ્યા દેશમાં લેશ લાવિયે ।
કહેતાં કહેતાં થાકે વાણી મન, જેમ છે તેમ ન કહેવાય જન ॥૮૮॥

પૂર્વછાયો- જેમ જળ અર્ણવથી, ઉપજે લહરી અપાર ।
તેમ હરિ મહા જળથી, હરિજન અપરમપાર ॥૮૯॥
અખંડ અહોનિશ ઉપજે, તેનો નવ થાય નિરધાર ।
કોણે લખ્યા કોણ લખશે, કોણ લખે છે આ વાર ॥૯૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે દંઢાવ્યદેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને ઓગણીસમું પ્રકરણમ્ ॥૧૧૯॥